જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૨/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૩૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ, ૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૩૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૨૩૨/૨૦૨૬**

ચાંદખેડાઃ રાજીવ સ/ઓ મુરલીધર અગ્રવાલ (ઉ.વ.૫૪)(રહે, અતીશય બેલેવીલે બંગ્લોઝ, નરનારાયણ પાર્ટી પ્લોટની બાજુમાં, મોટેરા)એ તા.૧૪/૦૨/૨૦૨૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૬ ના કલાક ૦૦/૩૦ થી સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના ત્રીજા માળે આવેલ રૂમના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, કબાટમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

સાબરમતીઃ ભાવનાબહેન કમલેશભાઈ જાદવ (ઉ.વ.૩૩)(રહે.તપોવનગર વિભાગ–૨ સીટી ગોલ્ડ સિનેમા સામે મોટેરા સાબરમતી) એ તા.૧૪/૦૨/૨૦૨૬ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાને હેંડલ મારી મોટેરા ખાતે ગયા હતા ત્યારે કોઇ અજાણી વ્યક્તિ ભાવનાબહેન જાદવના ઘરમાંથી સોના–ચાંદીના દાગીના કુલ કિમત રૂપિયા ૮૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી.વી.એચ.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૩૩/૨૦૨૬**

ઘાટલોડીયાઃ મેમનગર ગુરૂકુળ રોડ સુભાષ ચોક મારૂતિ કોમ્પલેક્ષ ખાતે રહેતા ગિતેશ મોહનભાઇ શર્મા (ઉ.વ.૪૫) (મુળ રહે. ઉદયપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગે રહેણાંક મકાનમાં પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રી એ ગિતેશ શર્માને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ગોપાલભાઇ ચલાવે છે.

ઓઢવઃ ધર્મેન્દ્રભાઈ વાઘજીભાઈ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.શિવમ આવાસ યોજના ઓઢવ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી